અપીલ અરજી નં.૧૯૮ તા.૨૨–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ–એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતાઝોન

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૧–૮–૦૯ ની અરજીથી (૧) પ્લોટ નં.૧૨૫ થી ૧૨૭ વોર્ડ નં.૧૪બી ઉમરવાડા–૧ સિધ્ધીવિનાયક મંદિરની ગલીમાં ભાઠેના ડીંડોલી રોડ, (૨) નસરેશ્વર મહાદેવ ત્રણ રસ્તા પર અમરપૂરી ફરસાણની સામે ત્રણ રસ્તા કોર્નર પર ભાઠેના ડીંડોલી રોડ ના બાંધકામ પરવાનગી, કાયદેસરતા માળ, પાર્કીગ ક્ષેત્રફળની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૨–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૯૮/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૨૧–૮–૦૯ની અરજીથી (૧) પ્લોટ નં.૧૨૫ થી ૧૨૭ વોડ નં.૧૪બી ઉમરવાડા–૧ સિધ્ધીવિનાયક મંદિરની ગલીમાં ભાઠેના ડીંડોલી રોડ, (૨) નસરેશ્વર મહાદેવ ત્રણ રસ્તા પર અમરપૂરી ફરસાણની સામે ત્રણ રસ્તા કોર્નર પર ભાઠેના ડીંડોલી રોડ ના બાંધકામ પરવાનગી, કાયદેસરતા માળ, પાર્કીગ ક્ષેત્રફળની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૧૪ તા.૩૦–૯–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતાઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૪૧૭ તા.૭–૧૦–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજી ફી ભર્યાની પહોંચની નકલ, અરજદારને પૂરી પાડેલ માહિતી અંગેના પત્ર નં.સા.ઈઝોન/મહેકમ/૨૪૧૫ તા.૭–૧૦–૦૯ ની પત્રની નકલ, નં.ટીડીઓ/ડીપી/નં.૧૪૯ તા.૧૫–૯–૦૮ ની વિકાસ પરવાનગીની રજાચિઠ્ઠીની નકલ તથા માહિતી પોસ્ટ કર્યા અંગેની યુપીસી પુરાવાની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨૧–૮–૦૯ ની અરજીથી (૧) પ્લોટ નં.૧૨૫ થી ૧૨૭ વોડ નં.૧૪બી ઉમરવાડા–૧ સિધ્ધીવિનાયક મંદિરની ગલીમાં ભાઠેના ડીંડોલી રોડ, (૨) નસરેશ્વર મહાદેવ ત્રણ રસ્તા પર અમરપૂરી ફરસાણની સામે ત્રણ રસ્તા કોર્નર પર ભાઠેના ડીંડોલી રોડ ના બાંધકામ પરવાનગી, કાયદેસરતા માળ, પાર્કીગ ક્ષેત્રફળની માહિતી માંગવામાં આવેલ. જે અંગે માહિતી કે કોઈ નિર્ણય મળેલ ન હોવાના કારણે અરજદારે તા.૨૨–૯–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઈ.ઝોન/મહેકમ/૨૪૧૫ તા.૭–૧૦–૦૯ થી અરજદારને મુદ્દા નં.૧ સંલગ્ન મિલ્કતમાં સોસાયટીનું નામ અથવા ટીપી સ્કીમ /ફા.પ્લોટ નંબર જણાવ્યેથી માહિતી આપી શકાય. મુદ્દા નં.૨ સંલગ્ન ટીપી સ્કીમ નં.૭ (આંજણા) ફા.પ્લોટ નં.૧૩૦ પૈકી સબ પ્લોટ નંબર ૨ વાળી મિલ્કતને ટીડીઓ/૧૪૯ તા.૧ ૫–૯–૦૮ થી વિકાસ પરવાનગીની રજાચિઠ્ઠી આપવામાં આવેલ છે. જેમાં ગ્રા.ફલોર બાંધકામ મંજુર છે જેનું ક્ષેત્રફળ ૧૯૬૫.૧૯ ચો.મી. છે જેની સાથે રજાચિઠ્ઠીની નકલ સહિતની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૧–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ માહિતી અંગે કોઈ હુકમ કરવાનો રહેતો ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૧ અંગે સંલગ્ન મિલ્કતની ઓળખની વિગતો પૂરી પાડી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
અ***ને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી.(લીંબાયતઝોન).... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,